# જિલ્લા રમત ગમત અધિકારી કચેરી

ભાવનગર શહેર
બહુમાળી ભવન, એનેક્ષી બિલ્ડીંગ, જી-૨, ભાવનગર
ફોન નં:- ૦૨૭૮-૨૪૨૨૭૬૫
E-mail :- dsobhavnagarcity09@gmail.com

જા.નં.-જીરગઅ/૭૫૧૩ થી ૭૫૧૫ /૨૦૧૯-૨૦

તારીખ- ૨૦/૦૯/૨૦૧૯

પ્રતિ,
નાયબ માહિતી નિયામકશ્રી,
માહિતી કચેરી,
ભાવનગર.

વિષય- 'નર્મદા શ્રમ અને સેવા શિબિર' ૨૦૧૯-૨૦ અંતર્ગત અખબારી યાદી મોકલવા બાબત.

સંદર્ભ – યુથબોર્ડ અધિકારીશ્રી.યુવક સેવા સાંસ્કૃતિક પ્રવૃતિઓ ગાંધીનગરના પત્રક્રમાંક: યસપ-યબઅ-૧૨૧૯-ખ-૫ તા.૧૯-૦૯-૨૦૧૯ અન્વયે

શ્રીમાન,

જય ભારત સાથ ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે, રમત ગમત યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓ વિભાગ દ્વારા આયોજીત "નર્મદા શ્રમ અને સેવા શિબિર", કેવડીયા કોલોની જી.નર્મદા ખાતે યોજવામાં આવનાર છે. આ શિબિરમાં જોડાવા માંગતા હોય તેવા ૧૫ થી ૩૫ વર્ષની વયમર્યાદા ધરાવતા હોય તેવા યુવક-યુવતીઓ માટે આપેલ માહિતી મુજબ સામેલ અખબારી યાદી આપના મારફત ભાવનગરમાંથી પ્રસિધ્ધ થતાં વર્તમાનપત્રમાં વિનામુલ્યે બહોળી પ્રસિદ્ધિ કરવા નમ્ર વિનંતી.

આપનો વિશ્વાસુ

(ડૉ.અરૂણ જે. ભલાણી)
જિલ્લા યુવા વિકાસ અધિકારી
જિલ્લા રમત ગમત કચેરી
ભાવનગર

બિડાણ:-

- અખબારી યાદી

ક્રમાંક:યોજના/પરચ/૨૦૧૯/૩૯૬
જિલ્લા શિક્ષણાધિકારી કચેરી,
ભાવનગર તા. ૨૩/૦૯/૧૯

પ્રતિ,
આચાર્યશ્રી,
સરકારી/RMSA/ગ્રાન્ટેડ/નોન-ગ્રાન્ટેડ
માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ તમામ
ભાવનગર

ઉક્ત પત્રની જાણ તથા અમલ થવા સારૂ.

જિલ્લા શિક્ષણાધિકારી
ભાવનગર

નકલ રવાના જાણ તથા અમલવારી સારૂ:
શિ.નિ.શ્રી/મ.શિ.નિ.શ્રી

Scanned by CamScanner

અખબારી યાદી

રાજ્ય સરકારના રમતગમત,યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ દ્વારા આયોજીત " નર્મદા શ્રમ અને સેવા શિબિર " ૨૦૧૯-૨૦ ના નાણાકીય વર્ષમાં કેવડીયા કોલોની, જિ.નર્મદા ખાતે યોજવામાં આવનાર છે.

| પ્રદેશનું નામ | જિલ્લાઓના નામ |
|---|---|
| વડોદરા પ્રદેશ | ડાંગ, વલસાડ, સુરત, નવસારી, ભરૂચ, નર્મદા, વડોદરા, છોટાઉદેપુર, દાહોદ, પંચમહાલ, મહિસાગર, તાપી |
| અમદાવાદ પ્રદેશ | અમદાવાદ, ગાંધીનગર, સાબરકાંઠા, અરવલ્લી, બનાસકાંઠા, મહેસાણા, પાટણ, કચ્છ, ખેડા, આણંદ |
| રાજકોટ પ્રદેશ | રાજકોટ, મોરબી, જામનગર, દેવભૂમિ દ્વારકા, ભાવનગર, બોટાદ, અમરેલી, સુરેન્દ્રનગર, જુનાગઢ, ગીર-સમોનાથ, પોરબંદર . |

વિશ્વની મોટામાં મોટી સિંચાઇ યોજના અને ગુજરાતની જીવા દોરી સમાન નર્મદા યોજના વિકાસ કાર્યમાં રાજ્યના યુવાનો પોતાની શકિતઓનું શ્રમદાન કરે અને પોતાની શકિતઓનો સદ્ ઉપયોગ કરે તે રીતે રાજ્યના અને રાષ્ટ્રના વિકાસ માં યુવાનો ફાળો પ્રદાન કરે તેવા શુભ આશયથી આ શ્રમ-સેવા શિબિરનું આયોજન વિચાર્યુ છે. આ શિબિરમાં નર્મદા યોજના તથા પર્યાવરણને લગતું શ્રમ કાર્ય,નર્મદા યોજના અંગેની વિસ્તૃત માહિતી,ચર્ચા, સભા , પ્રવચન વિગેરે કાર્યક્રમો યોજવામાં આવનાર છે.

યુવક-યુવતીઓ કે જેઓ તા.૩૧-૦૭-૨૦૧૯ના રોજ ૧૫ થી ૩૫ વર્ષની વય મર્યાદા ધરાવતા હોય તેવા અને આ શ્રમ કાર્યમાં જોડાવવા માંગતા હોય તેઓએ નીચે માગ્યા મુજબની માહિતી સાથેની અરજી તા.૩૦-૦૭-૨૦૧૯ સુધીમાં " જિલ્લા યુવા વિકાસ અધિકારીશ્રી, જીલ્લા સેવા સદન, રૂમનં. ૨૧૭,બીજે માળ,રાજપીપળા, જિ.નર્મદા "ને મોકલી આપવા જણાવવામાં આવે છે.

(૧) પુરૂ નામ /સરનામું ( આધાર કાર્ડ/ચુંટણી મતદાતા ઓળખકાર્ડ /રાજ્ય,કેન્દ્ર સરકાર, શાળા,કોલેજ કે યુનિવર્સીટી દ્વારા અપાયેલ ફોટા સાથેના ઓળખકાર્ડની પ્રમાણીત નકલ, રહેઠાણના પુરાવા તરીકે રેશનકાર્ડ,લાઇટબીલ,ગેસબીલ,ટેલીફોન બીલની પ્રમાણીત નકલ સામેલ કરવી.

(૨) જન્મ તારી (જન્મ તારીખના પ્રમાણપત્ર /શાળા છોડયાના પ્રમાણપત્રની નકલ બિનચૂક સામેલ કરવી)

(૩) શૈક્ષણિક લાયકાત / વ્યવસાય

(૪) પર્વતારોહણ, એન.એ.સી., એન.એસ.એસ કે સ્કાઉટ ગાઇડ,હોમ ગાર્ડઝ જેવી પ્રવૃત્તિઓની શિબિરમાં તથા રમતગમત પ્રવૃત્તિઓમાં ભાગ લીધેલ હોય તો તેની વિગત.

(૫) વાલીનો સંમતી પત્ર

(૬) શારિરીક તંદુરસ્તી ધરાવતા હોવાનું ડોકટરનું પ્રમાણપત્ર.

(૭) તાજેતરમાં પડાવેલ પાસપોર્ટ સાઇઝના ફોટોગ્રાફ સહિતની અરજી કરવા જણાવવામાં આવે છે.

અધુરી વિગતોવાળી અરજી ધ્યાને લેવામાં આવશે નહીં. જેની ખાસ નોંધ લેવી. પસંદગી પામેલ શિબિરાર્થીઓને શિબિરની જાણ કરવામાં આવશે તેમજ તેમના આવવા-જવાનો પ્રવાસ ખર્ચ તથા ભોજન / નિવાસની વ્યવસ્થા સરકારશ્રી તરફથી કરવામાં આવશે.

જિલ્લા યુવા વિકાસ અધિકારી
ભાવનગર.

કમિશનર
યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ
ગાંધીનગર

Scanned by CamScanner